


કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી રાજીનામાને લઈને મક્કમ દેખાઈ રહ્યા છે ત્યારે રાહુલ ગાંધીને મનાવવા માટેના પ્રયાસ ચાલી રહ્યા છે. આ સંદર્ભમાં કોંગ્રેસના કાર્યકરો કાર્યક્રમો યોજી રહ્યા છે.

# અમિત શાહનું રાજયસભાના સભ્યપદેથી રાજીનામું

## ખાલી પડનારી રાજ્યસભાની બે બેઠકોની ચૂંટણીને લઇને ગુજરાતમાં હલચલ : ભાજપ-કોંગ્રેસમાં રોચક જંગ જામશે

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાંથી રાજયસભાના સભ્ય બનેલા અમિત શાહે ગાંધીનગર બેઠક પરથી ચૂંટાયા બાદ રાજયસભાના સભ્યપદેથી રાજીનામુ આપી દીધું છે. પરંતુ તેમની સાથે ગુજરાતમાંથી જ રાજયસભામાં ચૂંટાયેલા સ્મૃતિ ઈરાનીએ હજુ સુધી રાજીનામુ આપ્યું નથી. આ બંને નેતાઓના રાજીનામાને લઈ ગુજરાતની ખાલી પડનારી રાજયસભાની બે બેઠકોને લઈ હવે રાજયમાં સક્રિય હિલચાલ શરૂ થઈ છે ખાસ કરીને ભાજપ-કોંગ્રેસ વચ્ચે ફરી એકવાર રાજયસભાની ચૂંટણીને લઈ કશ્મકશ જંગ જામશે. બીજીબાજુ, સ્મૃતિ ઈરાનીએ હજુ સુધી કેમ રાજીનામુ નથી આપ્યું તે વાતને લઈ હવે સવાલ, ચર્ચા અને અટકળો ઉઠી રહ્યા છે.

જો કે, ભાજપમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, ગુજરાતની રાજયસભાની બન્ને બેઠકોની ચૂંટણી યોજવાને બદલે પહેલા માત્ર અમિત શાહની ખાલી પડેલી એક જ બેઠકની ચૂંટણી કરી શકે અને ત્યારબાદ સ્મૃતિ ઈરાની થોડા સમય બાદ રાજયસભામાંથી રાજીનામુ આપે જેથી આ બેઠકની ચૂંટણી અલગ થઈ શકે અને ભાજપ તેના પર કબ્જો મેળવી શકે. આમ બન્ને બેઠકોની અલગ અલગ ચૂંટણી કરાવી એક બેઠકનો ફાયદો મેળવી શકે છે. આ ચર્ચા એટલા માટે પણ ધ્યાન ખેંચી લે છે કારણ કે, આવતીકાલે મોદી મંત્રીમંડળ શપથ લેવા જઈ રહ્યું છે ત્યારે રાજયસભાના સભ્યપદેથી અમિત શાહ સહિત ત્રણ સભ્યોએ રાજીનામા આપ્યા છે.

પરંતુ અમેઠી લોકસભા બેઠક પરથી ચૂંટાયેલા સ્મૃતિ ઈરાનીએ રાજયસભામાંથી રાજીનામુ આપ્યું નથી. તે જોતા એવો તર્ક ચાલી રહ્યો છે કે જો સ્મૃતિ ઈરાનીને મંત્રી મંડળમાં સ્થાન આપવાનું હોત તો તેમને પણ રાજયસભામાંથી રાજીનામુ આપવા નિર્દેશ અપાયા હોત. પરંતુ સ્મૃતિ ઈરાનીએ હજુ સુધી રાજયસભાના સભ્યપદેથી રાજીનામુ આપ્યું નથી.

બંધારણીય જોગવાઈ મુજબ, લોકસભાના સભ્ય તરીકે એટલે કે સાંસદ તરીકેના શપથ લેતા પહેલા અન્ય હોદ્દા પરથી રાજીનામા આપવા પડે. તે પ્રમાણે રાજયસભાના બે સભ્યો એવા અમિત શાહ અને રવિશંકર પ્રસાદે રાજયસભા પદેથી રાજીનામા આપી દીધા છે.

જેથી તેઓ આવતીકાલે મંત્રી તરીકેના શપથ જોડાઈ શકે છે, પરંતુ સ્મૃતિ ઈરાની રાજયસભાના સભ્યપદે હજુ સુધી ચાલુ હોવાથી તેના મંત્રીપદના શપથ અંગે પ્રશ્નાર્થ ઉભો થયો છે. આ સિવાય એક બીજી પણ શક્યતા અંગે ચાલી રહેલી ચર્ચા મુજબ, સ્મૃતિ ઈરાનીને મંત્રીપદ આપવાને બદલે જ્યારે ભાજપના રાષ્ટ્રીય સંગઠનની રચના થાય ત્યારે તેમને રાષ્ટ્રીય મહામંત્રી કે મંત્રી પદ આપીને ઉત્તરપ્રદેશના પ્રભારી બનાવવામાં આવી શકે છે, કારણ કે ઉત્તરપ્રદેશના રાજકારણમાં પ્રિયંકા ગાંધીના ઉદય બાદ યોગીના સાથી તરીકે સ્મૃતિ ઈરાનીને ભાજપનું સંગઠન વધુ મજબૂત બનાવવા માટે પ્રભારી બનાવી શકે છ તેવી પણ શકયતાઓ વહેતી થઈ છે.

જો કે, ગુજરાતમાં રાજયસભાની આ બંને બેઠકોને લઈ ભાજપ-કોંગ્રેસ વચ્ચે ફરી એકવાર પ્રતિષ્ઠાનો જંગ જામશે તે નક્કી છે. ભાજપ તો અત્યારથી જ કોંગ્રેસની છાવણીમાં તોડફોડની રાજકીય કૂટનીતિમાં લાગી ગયુ છે તો કોંગ્રેસ પણ ડિફેન્સીવ અને સુરક્ષાત્મક વ્યૂહરચના અમલી બનાવી રહ્યું છે.

# પાટણમાં ઢોલ વગાડવા નહી જનાર યુવાનને માર મરાયો

## ઘટનાની જાણ થતાં કલેક્ટર આનંદ પટેલ, એસપી શોભા ભૂતડાએ ગામમાં પહોંચીને સમાધાન માટેના પ્રયાસો કર્યા

અમદાવાદ, તા.૨૯

પાટણના વામૈયા ગામમાં અનુસૂચિત જાતિના લોકોનો ગામલોકોએ બહિષ્કાર કરતાં ફરી એકવાર અનુસૂચિત જાતિના લોકો સાથે અત્યાચારનો વિવાદ ગરમાયો હતો. જો કે, આ વખતે આ વિવાદ પાટણના વામૈયા ગામે સર્જાયો હતો, જયાં એક પ્રસંગમાં ઢોલ વગાડવા નહી જનાર અનુસૂચિત જાતિના યુવકને માર મરાતાં મામલો બહુ ચગ્યો હતો. ઘટનાની જાણ થતાં કલેક્ટર આનંદ પટેલ, એસપી શોભા ભૂતડા ગામમાં પહોંચી ગયા હતા અને બેઠક યોજીને સમાધાનના પ્રયાસ હાત ધર્યા હતા. બીજીબાજુ, અનુસૂચિત જાતિના લોકોનો બહિષ્કાર કરવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, પાટણના વામૈયા ગામે એક પ્રસંગમાં ઢોલ વગાડવા માટે અનુસૂચિત જાતિના યુવકને બોલાવ્યા હતા. પરંતુ તે કોઈ કારણસર ગયો ન હતો. જેનું મનદુઃખ રાખીને ઢોલ વગાડનારના ઘરે જઈને ગામના ત્રણ શખ્સોએ તેને માર માર્યો હતો. આ મામલે પોલીસે ત્રણ શખ્સોની સામે એટ્રોસિટી એક્ટ અંતર્ગત ફરિયાદ નોંધી હતી.

બીજીબાજુ, વામૈયામાં અનુસૂચિત જાતિના લોકોના સામાજીક બહિષ્કારને પગલે પાટણ જિલ્લા કલેક્ટર આનંદ પટેલ, જિલ્લા પોલીસ વડા શોભા ભૂતડા, ડીવાયએસપી જે. ટી. સોનારા, પ્રાંત અધિકારી, મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓ ગામમાં દોડી ગયા હતા અને ગ્રામજનો વચ્ચે સમાધાન માટે બેઠક યોજી શાંતિ સ્થાપવાના પ્રયાસો કર્યા હતા. પોલીસ અને સરકારી તંત્રના ઉચ્ચ અધિકારીઓએ ગામવાસીઓને અનુરોધ કર્યો હતો કે, સૌ સાથે હળીમળીને રહો.

અનુસૂચિત જાતિના લોકો સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવ કે બહિષ્કાર કરવો નહીં. જો એમ કરવામાં આવશે તો સંવૈધાનિક કાયદેસરની કાર્યવાહી કરવા સુધીના પગલાં લેવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. જો કે, વામૈયા ગામના ઉપરોક્ત બનાવને લઈ આજે ફરી એકવાર અનુસૂચિત જાતિ સાથે ઓરમાયા વર્તનનો મામલો ગરમાયો હતો.

## કોણ બનશે નાણાં મંત્રી ? પીયૂષ ગોયલને મળશે તક ?

નરેન્દ્ર મોદી ગુરૂવારે વડાપ્રધાન પદના શપથ ગ્રહણ કરવા જઈ રહ્યાં છે. ધીમે ધીમે તેમના મંત્રીમંડળની તસવીર સ્પષ્ટ થવા લાગી છે. પાર્ટીના વરિષ્ઠ નેતા અને ગત સરકારમાં નાણાંમંત્રી રહી ચુકેલા અરૂણ જેટલીએ પત્ર લખીને અપીલ કરી છે કે, તેમને આ કાર્યકાળમાં મંત્રી ના બનાવવામાં આવે, કારણ કે તમની તબિયત ખરાબ ચાલી રહી છે.

## રામનગર હાઈસ્કુલનું ગૌરવ

ભિલોડા,તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રામનગર ગામની શેઠ શ્રી જે.એમ. તન્ના વિદ્યાલય ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહનું ૮૫.૭૧ % પરીણામ મેળવેલ છે. પ્રાર્થના એસ.પટેલ ૮૦.૪૩ % પ્રથમ ક્રમે, આશા કે. પ્રણામી ૭૯.૮૬ % દ્વિતીય ક્રમે,આચલ કે. પટેલ ૭૪.૭૧ % તૃતીય ક્રમે ઉર્તીણ થઈ હાઈસ્કુલનું ગૌરવ વધારતાં આચાર્ય અમૃતભાઈ પટેલ, સંચાલક મંડળ પ્રમુખ હિંમતભાઈ પટેલ, ટ્રસ્ટીઓ, સ્ટાફગણે તમામ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળામાં ભાગવત સપ્તાહ યોજાશે

ભિલોડા,તા.૨૯

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળામાં પરમ પુ.શ્રોત્રિય બ્રહ્મલીન પુ.શુકદેવપ્રસાદજી (પુ.દાદાજી)ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તા.૬/૬/૨૦૧૯ ને ગુરૂવાર થી તા.૧૨/૬/૨૦૧૯ ને બુધવાર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે. વક્તા શાસ્ત્રી નયનભાઈ વાળાંગર બિરાજશે.

પવિત્ર મેશ્વો નદીના કાંઠે બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમની પાવન ભુમિમાં પરમ તપસ્વી પુજય કૃષ્ણારામ દાદાજીએ વર્ષો પહેલાં શરૂ કરેલી અગ્નિદેવની આરાધના આ યજ્ઞશાળામાં આજે પણ અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસ કરી રહ્યા છે. પુ.શ્રોત્રીય બ્રહ્મલીન શુકદેવપ્રસાદજી (પુ.દાદાજી)ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે કૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળામાં ભાગવત સપ્તાહ ધામધુમપુર્વક યોજાશે તેમ જણાવ્યું હતુ.

# રાહુલ ગાંધી મામલે ઘટનાક્રમ હાસ્યાસ્પદ છે : ભાજપનો મત

અમદાવાદ,તા.૨૯

કોગ્રેસનાં રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીના રાજીનામા અંગે કોંગ્રેસના નેતાઓ દ્વારા કરવામાં આવેલ ધરણાંના નાટક સામે પ્રત્યાઘાત આપતાં ગુજરાત ભાજપ પ્રદેશ પ્રવકતા ભરત પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં કોને રાજીનામું આપવું કે નઆપવું તે કોંગ્રેસની આંતરીક બાબત છે.પરંતુ સમગ્ર ઘટનાક્રમ હાસ્યાપદ છે.

સીડબ્લ્યુસીની કોંગ્રેસની મિટીંગમાં રાહુલ ગાંધીએ કમલનાથ અને અશોક ગહેલોત જેવાં કોંગ્રેસી નેતાઓએ પુત્રમોહમાં, વંશવાદમાં કોંગ્રેસને નુકસાન થયું છે તેવી નારાજીગી વ્યકત કરી છે અને પોતે રાજીનામું આપવા માંગે છે તેવું ઝઉઝ ને જણાવ્યું હતું. પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના જીલ્લા, રાજય અને દેશમાં વિવિધ પદો પરની નિમણૂંક માટે રાહુલ ગાંધી પોતે જ નિર્ણયો લેતા હોય છે એટલે અધ્યક્ષ રાહુલ ગાંધી એ રાહુલ ગાંધીને રાજીનામું આપવાની વાત કરી ત્યારે રાહુલ ગાંધી રાજીનામું આપવા માટે ઉતાવળ ન કરે તેવું રાહુલ ગાંધીએ જણાવ્યું હતું. પરંતુ રાહુલ ગાંધીએ કહ્યું કે હું મક્કમ છું .પછી રાહુલ ગાંધીએ કોંગ્રેસના નેતાઓને સૂચના આપી છે કે રાહુલ ગાંધી રાજીનામું ન આપે અને અધ્યક્ષ પદે ચાલુ રહે તેના માટે ધરણાં કરો. કોંગ્રેસના નેતાઓએ ધરણાં કર્યાં. રાહુલ ગાંધીએ અધ્યક્ષ રાહુલ ગાંધીને કહ્યું કે તમે હવે તો માની જાવ ત્યારે અધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યું કે હવે કેટલાં દિવસ પછી માની જવું તે હુંનક્કી કરીને રાહુલ ગાંધીને જણાવીશ.

આ બધું પ્રજા અને મીડિયાનું બીજીબાજુ એટલે કે ગેરમાર્ગે ધ્યાન દોરવાનો કોંગ્રેસનો હાસ્યાસ્પદ નિષ્ફળ પ્રયાસ છે.કોંગ્રેસનું કેન્દ્ર અને રાજયના નેતૃત્વ નિષ્ફળતા છૂપાવવા કોંગ્રેસના આ સમગ્ર ઘટનાક્રમનાં નાટકો જોઈને પ્રજા અને કોંગ્રેસના કાર્યકર્તાઓ હસી રહ્યાં છે.તેમ પંડયાએ જણાવ્યું હતું. પંડયાએ કોંગ્રેસનાં આક્ષેપો સામે તીવ્ર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કેવ્યક્તિત્વ, કર્તૃત્વ, નેતૃત્વ ને કારણેદેશમાં નરેન્દ્ર મોદીનો તરફી એક લોકજુવાળ છે.

જયારે લોકમન અને લોકમત ભાજપ તરફી હોય ત્યારે લોકપ્રતિનિધિઓ પણ ભાજપમાં જોડાય તે સ્વાભાવિક છે. કોંગ્રેસ બહારનાં બહાનાં ગોતવાનાં બદલે અંદરની સમસ્યા અને નારાજગીનું સમાધાન કરેઅને કોંગ્રેસનાં નેતૃત્વ, નીતિ, નિયતની નિષ્ફળતાને સમજે અને ભાજપ સામે આક્ષેપો બંધ કરે તેમ પંડયાએ અંતમાં જણાવ્યું હતું. રાહુલ ગાંધીના રાજીનામાને લઈને હાલ ચર્ચા છે.



**સાબરડેરીના ડિરેકટરની અધ્યક્ષતામાં નિવૃત્તિ સમારોહ યોજાયો**

સાબરડેરી સંચાલીત શામળાજી શીતકેન્દ્ર માં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા વિરજીભાઈ ગામેતી ૧૯૯૧થી સાબરડેરીના વિતરણ અને પરચેજ વિભાગમાં નોકરી કર્યા પછી છેલ્લા આઠ વર્ષથી શામળાજી શીતકેન્દ્રમાં નોકરી કરતા હતા જેવો સમય મર્યાદા હેઠળ નિવૃત થતા આજે શીતકેન્દ્રના ગાર્ડનમાં ભિલોડા વિસ્તારના ડિરેકટર જેશીંગભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ સમારોહમાં સાબરડેરી માર્કેટિંગ વિભાગના વિભાગીય મેનેજર એન.એલ. પટેલ ઓલ શીતકેન્દ્ર ઈન્ચાર્જ અને પ્રોડક્શન મેનેજર ડી.જે. જોશી શીતકેન્દ્ર ઈન્ચાર્જ મહેન્દ્રભાઈ પી. પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે કર્મચારી દ્વારા મોમેન્ટો અને શ્રીફળ આપી વિરજીભાઈ ગામેતીને વિદાઈ સમારોહ યોજાઈ ગયો.

## વણઝારા સમાજનું ગૌરવ

તલોદ, તા. ૨૯

કેન્દ્ર સરકાર સંચાલિત નવોદય વિદ્યાલયમાં તલોદના વણઝારા સમાજની હોશિયાર અને



ઉચ્ચ અભ્યાસની ખેવના ધરાવતી જગદીશભાઈ વલાજી વણઝારાની સુપુત્રી ચિ. પ્રથા વણઝારાએ નવોદય વિદ્યાલયની પરીક્ષામાં ઉચ્ચ ગુણ મેળવી પ્રવેશ પ્રાપ્ત કર્યો છે. સમગ્ર વણઝારા સમાજ માટે ગૌરવ સમાન આ બાબતને સમાજના આગેવાનો તથા શિક્ષકગણે આવકારીને અભિનંદન પાઠવ્યા છે. વણઝારા સમાજની દિકરી નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મેળવી ઉચ્ચ શિક્ષણ સાથે મહત્વના લક્ષ્યાંકો પ્રાપ્ત કરે તેવી સૌ કોઈએ શુભ કામના પાઠવી છે.

# ગુજરાત ફાર્મા એક્સપોર્ટ માટે ભારતનું સૌથી મોટુ પ્રદર્શન ૧૦મીથી આરંભાશે

## ગુજરાતનું ફાર્મા સેક્ટર રોમાંચક સમય માટે સજ્જ બન્યુ છે

ધ ફાર્માસ્યુટીકલ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (PHARMEXCIL) એ ગાંધીનગરમાં તા.૧૦થી ૧૨ જૂન, ૨૦૧૯ દરમ્યાન તેના સૌથી મોટા ફ્લેગશીપ ઈવેન્ટનું આયોજન કરવાની આજે જાહેરાત કરી છે.

આ મેગા ઈવેન્ટમાં ૧૩૦ દેશોના ૭૦૦ થી વધુ ગ્લોબલ બાયર્સ સમક્ષ ભારતીય ફાર્માસ્યુટીકલ સેકટરની ઉત્તમ ક્ષમતા દર્શાવાશે.

મિડીયા સાથે વાત કરતાં IPHEX ના ચેરમેન વિજય શાહે જણાવ્યુ હતું કે "અમે ગાંધીનગરમાં એક્સપોર્ટ IPHEXનું આયોજન કરતાં આનંદ અનુભવીએ છીએ. હેલીપેડ એક્ઝીબિશન ગ્રાઉન્ડ ખાતે ૩૦ હજાર ચો.મી. જગામાં ભારતની ૩૫૦ થી વધુ અગ્રણી ફાર્માસ્યુટીકલ કંપનીઓ આ મેગા શોમાં ભાગ લઈ રહી છે. આ પ્રદર્શનની ૭મી એડીશન છે. અગાઉની એડીશન મુંબઈ, હૈદ્રાબાદ અને દિલ્હીમાં યોજાઈ હતી."

IPHEXના ચેરમેને જણાવ્યું હતું કે "આઈપીએચઈએક્સ એ ફાર્મેક્સીલની નિકાસ બજાર વ્યૂહરચનાનો મહત્વનો હિસ્સો છે. અમેરિકા, ભારતીય નિકાસમાં ૩૫ ટકાનો હિસ્સો ધરાવે છે. તે પછીના ક્રમે ૧૫ ટકા ધરાવતા યુરોપ અને ૧૭ ટકા ધરાવતા આફ્રિકાનો સમાવેશ થાય છે. આઈપીએચઈએક્સ ભારતીય કંપનીઓને લેટીન અમેરિકા, આફ્રિકા, સીઆઈએસના દેશો અને યુરોપિયન યુનિયનના નિકાસ બજારોમાં સહાયક બને છે. ભારતની ફાર્મા ક્ષેત્રની નિકાસમાં ચીન અને જાપાને નવા દ્વાર ખોલ્યા છે."

આઈપીએચઈએક્સના ચેરમેને ભારપૂર્વક જણાવ્યું હતું કે "આઈપીએચઈએક્સ ૨૦૧૯ પરસ્પરના પરામર્શ અને બિઝનેસ નેટર્વકિંગ માટે ખૂબ જ મૂલ્યવાન બની રહેશે."

# વડગામ તાલુકાના મેમદપુર ગામમાં તત્કાલીન તલાટીએ ત્રણ પ્લોટોનું બારોબારીયુ કરતાં ટીડીઓએ ઠરાવ નામંજૂર કર્યા

વડગામ તાલુકાના મેમદપુર ગામમાં તત્કાલીન તલાટીએ ગેરરીતી કરીને ખોટા ઠરાવ કરી ત્રણ પ્લોટો નુ બારોબારીયુ કરાયું હતું જે બાબતે રજૂઆત થતાં વડગામ ટીડીઓ આ પ્લોટો નો ઠરાવ જ ના મંજૂર કરતાં તાલુકા ભરમાં ખળભળાટ મચી ગયો છે. વડગામ તાલુકાના મેમદપુર ગામમાં થોડા સમય માટે ચાર્જ માં રહેલા તત્કાલીન તલાટીએ ગામમાં ત્રણ પ્લોટો માટે લેતીદેતી કરીને પ્લોટ મંજુર કરવા માટે ઠરાવ કરાયો હતો જેમાં તત્કાલીન તલાટીએ પોતાની સત્તા નો દુરુપયોગ કરી સરકાર ના રેકર્ડ સાથે ચેડાં કરી ખોટી રીતે નકશા માં ત્રણ પ્લોટ ઉભા કરી ને પ્લોટો નુ બારોબારીયુ કરી નાખ્યું હતું. પરંતુ આ અંગે ની જાણ વર્તમાન સરપંચ અને પંચાયતની બોડી ને ધ્યાને આવતાં પંચાયતના સત્તાધીશો દ્વારા જ તત્કાલીન તલાટી સામે ગેરરીતિઓ કરીને પ્લોટો માટે નો ઠરાવ કરાયા ની રજુઆત વડગામ તાલુકા પંચાયત માં કરતાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ ઠરાવ જ રદ કરીને તત્કાલીન તલાટી ને નોટીસ અપાતાં વડગામ પંથકના તલાટી કર્મિઓ માં હડકંપ મચી જવા પામ્યો છે. આ સમગ્ર પ્રકરણ અંગે વડગામ ટીડીઓ એ. એચ. પરમારે હતું કે ઠરાવ રદ કરી પ્લોટ ના મજૂર કરવામાં આવ્યા છે.

### સાધનોનો અભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકાનના નિર્માણ માટે નવો પ્લોટ ફાળવવાની કોઈ વાત સરકાર કાને ધરતી જ નથી તેથી પંચાયતના સદસ્યોમાં પણ રોષની લાગણી જોવા મળી રહી છે.

અહિ વારંવાર વીજળી વેરણ થાય છે તો વાયરીંગ પણ ખુલ્લુ પડ્યુ છે પણ તંત્ર દ્વારા તે પર જે કામગીરી થવી જોઈએ તેટલી ગંભીરતાથી કામગીરી થતી જ નથી. અહિ પાર્કિંગની સુવિધાનો પણ અભાવ હોવાથી મોટી દુર્ઘટના થઈ શકે છે. તંત્ર અને સરકાર બન્ને જાગે તેવી માંગ સૌ કોઈ કરી રહ્યા છે.

### દંડ ફટકારાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુદ્દત નિયત કરાઈ હતી. પરંતુ હવે આ મુદત લંબાવાનો નિર્ણય લેવાયો છે. જયારે આગામી તા ૩૧ ઓગષ્ટ સુધી હાઈસિકયુરીટી નંબર પ્લેટ લગાવવા માટેની મુદત લંબાવી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં પણ અંદાજિત ૨૦ ટકા જેટલા વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે આ વાહનોને પણ એચ એસ આર પી નંબર પ્લેટ લગાવવા માટે ઝુંબેશ હાથ ધરાશે. જયારે તા ૧ સપ્ટેમ્બર ૨૦૧૯ થી એચ એસ આર પી વગરના વાહનચાલકો પાસેથી દંડ વસુલી કરવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

### ૪ સર્કલો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે પુરતી તકેદારી રાખવાનો પ્રયાસ કરાયો છે. આગામી દિવસોમાં નગરના અન્ય ચાર સર્કલોને આ પેર્ટન મુજબ વિકસાવાશે. જે અન્વયે ચ-૨, ઘ-૫,ચ-૫ તેમજ પથિકાશ્રમ સર્કલનો પણ સમાવેશ થાય છે .જયારે સર્કલ આસપાસની ફુટપાથને પણ લેવલીંગ કરવામાં આવશે. હાલ આ સર્કલોની યોજનાને અનુલક્ષી ફુટપાથને લેવલીંગ કરવામાં આવશે જયારે ચોમાસાના અંતે ડામર કામ હાથ ધરાશે.

### મોકડ્રીલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગલાં લેવા અને તે માટેનું આગોતરૂ આયોજન તૈયાર રાખવા કહ્યુ હતુ. પાણીના નિકાલ અને પાણીનો ભરાવો થતા સ્થળોની ચકાસણી ફરીવાર કરી લેવામાં આવે તેવો આગ્રહ પણ સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો.

આપત્તિના સમયમાં સ્વૈચ્છીક સંગઠ્ઠનોનો સહયોગ માત્ર નહિ પણ તેમની સક્રિય ભાગીદારી પર રાજયના મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે વિશેષ ભાર મુક્યો હતો. તેમણે આ માટેના કોમ્યુનિકેશન પ્લાનને પણ અપડેટ કરવા ટકોર કરી હતી.

આ કોન્ફરન્સમાં નદીમાં આવતા પાણીને જોવા જતાં લોકોનો પ્રવાહ જે હોય છે ત્યાં અકસ્માત ના થાય તેમજ કોઈ હોનારત ના થાય તે માટેના સાવચેતીના પગલાં લેવા પર તેમજ આવા સ્થાનોની જવાબદાર અધિકારીઓ દ્વારા મુલાકાત લઈ જરૂરી વ્યવસ્થા થાય એટલુ જ નહિ જે સંશાધનો જિલ્લામાં ઉપલબ્ધ છે તેની પણ ચકાસણી કરી લેવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.

આજની આ મહત્વની કોન્ફરન્સમાં કાંસની સફાઈ તેમજ જર્જરિત થયેલા મકાનો ઉતારી લેવાની કામગીરી પર વિશેષ ધ્યાન આપવામાં આવે તેવી ટકોર પણ કરવામાં આવી હતી.

વિકાસની ગતિને કારણે પાણીના ભરાવા માટે જે સ્થાનો અગાઉ નક્કી થયા હતા તેના સિવાયના સ્થાનો પણ થઈ શકે છે ત્યારે તે પણ વિચારી અને જરૂરી કાર્યવાહી અત્યારથી જ હાથ ધરાય, કાંસની સફાઈ, નહેરો-કેનાલોની સફાઈ સહિતની કામગીરી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

આ બેઠકમાં વરસાદના પ્રકાર, ચક્રાવાતના પ્રકારો તેમજ વિવિધ આપત્તિઓનો ઉલ્લેખ કરી અને કેવા કેવા પગલાં લેવા તે માટેનું આયોજન કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. ખાસ કરીને રેઈનગેજ વરસાદની માપણી માટે મુકાયેલા છે તેની ખાસ ચકાસણી કરવા જણાવાયુ હતુ કારણ કે શહેરી વિસ્તારમાં વરસાદ થયો હોય પણ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ નોંધાયો ના હોય એવી સ્થિતિ ઉભી થાય તો શું કરવુ જોઈએ તે બાબતે પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

સુજલામ સુફલામ ભાગ-૨ અંતર્ગત હાથ ધરાયેલ કામગીરીનો ઉલ્લેખ કરી આગામી ૧૫ દિવસમાં આ અંગેની કામગીરી ઝડપથી પુરી કરવામાં આવે તે માટે પણ અતિ ગંભીર ટકોર કરવામાં આવી હતી.

### રાજ્યાભિષેક

● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય કેટલાક સભ્યો પણ મંત્રી તરીકે શપથ લેનાર છે. જો કે આ સંબંધમાં વિગત હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. રાષ્ટ્રપિત રામનાથ કોવિન્દ આવતીકાલે સાંજે સાંત વાગે મોદી અને અન્યોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવનાર છે.

કેબિનેટમાં ભાજપ પ્રમુખ અમિત શાહને સામેલ કરવાની વાત ચાલી રહી છે. શપથગ્રહણ કાર્યક્રમમાં બિમસ્ટેક દેશોના રાષ્ટ્ર વડાઓ સહિત આઠ દેશોના નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. બિમસ્ટેકમાં ભારત સહિત દક્ષિણ એશિયા અને દક્ષિણ પૂર્વ એશિયાના સાત દેશો સામેલ છે જે બંગાળની ખાડી સાથે જોડાયેલા છે. આ દેશોમાં ભારત ઉપરાંત બાંગ્લાદેશ, મ્યાનમાર, શ્રીલંકા, થાઈલેન્ડ, નેપાળ અને ભુટાનનો સમાવેશ થાય છે. ભારતે કિર્ગીસ્તાનના પ્રમુખ અને મોરિશિયસના વડાપ્રધાનને પણ શપથવિધિમાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું છે. આ વર્ષે પ્રવાસી ભારતીય દિવસના પ્રસંગે મોરિશિયસના વડાપ્રધાન ચીફ ગેસ્ટ તરીકે રહ્યા હતા. ૨૦૧૪માં પોતાની પ્રથમ અવધિ દરમિયાન જ્યારે વડાપ્રધાન તરીકેના શપથ લીધા ત્યારે મોદીએ સાર્ક દેશોના નેતાઓને આમંત્રણ આપ્યું હતું. પાકિસ્તાનના તત્કાલિન વડાપ્રધાન નવાઝ શરીફને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું છે કે, પડોશી પ્રથમની નીતિ હેઠળ આ તમામ નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ વખતે પાકિસ્તાનને આમંત્રણ નહીં આપવાનો નિર્ણય કરાયો છે. એમ માનવામાં આવે છે કે, પુલવામામાં સીઆરપીએફ કેમ્પ ઉપર કરવામાં આવેલા આતંકવાદી હુમલા બાદ બંને દેશો વચ્ચે તંગદિલીના પરિણામ સ્વરુપે સરકારે પાકિસ્તાનથી અંતર રાખવાનો નિર્ણય કર્યો છે. શપથવિધીને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. શપથવિધીને ભવ્ય બનાવવામાં આવનાર છે.

### મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

હજુ ધરતી માથે ડોકિયું કરતો હોય તેટલી ઘડી અનિમેષ નજરે ધરાઈને જોવા જેવો હોય છે. બસ એટલી ઘડી જ સૂરજને આંખ માંડીને જોઈ શકાય છે. એકવાર આકાશમાં આવી ગયેલા સૂરજ સામે પછી કોઈ ગાંડો માણસ જ આંખ માંડવાની હિંમત કરી શકે. જ્યાં આકાશ પણ થોડુંઘણું ફૂલગુલાબી થઈ શકતું ન હોય ત્યારે વૃક્ષો, પક્ષીઓ, મકાનો ક્યાંથી ગુલાબી રંગે રંગાઈ શકે ? હા, પક્ષીઓ ઉડાઉડ કરવા માંડે છે. આખી રાત કોઈ ઝાડ હેઠળ બેસી રહેલી ગાયો ઊભી થઈ પાણીની શોધમાં નીકળી પડે છે. એક શેરીના કૂતરાઓ બીજી શેરીના કૂતરાઓ સામે પૂરાજોશથી ભસવા માંડે છે. થાકે ત્યારે ત્રીજી પાળીમાં નોકરી કરીને આવેલા મિલમજુરની જેમ મોજથી નિરાંતે ઊંઘવા માંડે છે. ગરમાળા, ગુલમહોર અને મોગરાના ફૂલો પુરબહારમાં ખીલેલા જોવા મળે છે. . ફૂલો પર ગુનગુન કરતા ભમરા કે આંટા મારતા રંગબેરંગી પતંગિયાં ખાસ જોવા મળતાં નથી. ગરમાળાના આખી રાત ખરેલાં ફૂલો તો રસ્તાનો રંગ બદલીને પથરાયા હોય છે. વિશેષમાં તમારા માથે પણ હળવો અભિષેક કરવાનું ચૂકતાં નથી. આંબે હવે હિંચકા ખાતી કેરીઓ દેખાય છે. જો તમે ભારે નસીબદાર હોવ તો તમે ચાલતા હોવને બરાબર સામે જ પાકી કેરી ટપાક દઈને આવી પડે છે. તમને લોટરી લાગી હોય એવો આનંદ થઈ જાય છે.પહેલાના જમાનામાં રોજ સવારે પ્રભાતિયા ગવાતા સંભળાતા હશે, મારી બા દીવાબત્તી કરી ક્યારેક કોઈ ભજન ગાતી તેમાં કોઈક પ્રભાતિયું આવી જતું હશે પણ એ સમજવાની શક્તિ ક્યાં હતી ? અત્યારે એ શક્તિ આવી ગઈ છે એવું ખોખારીને કહી શકાય તેમ નથી. આદ્યકવિ નરસિંહ મહેતાએ અનેક પ્રભાતિયાં લખ્યાં છે. એમાં જાગને જાદવા બહું પ્રખ્યાત છે. એમાં જશોદામાતા કૃષ્ણને જગાડતી હોવાની વાત છે. પરંતુ કોણ જાણે મને " રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું " બહુ બહુ જ ગમે છે.

પ્રભાતિયું

રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું
નિંદ્રાને પરહરી, સમરવા શ્રીહરિ, એક તું એક તું એમ કહેવું.
જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા:
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.
સુકવિ હોય તેણે સદગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું,
પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું:
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી:
નરસૈંના સ્વામીને, સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નરને નારી.

### લાગણીનો મેળો

● ચોથા પાનાનું ચાલું

બુદ્ધિ ચલાવે તે બુદ્ધિજીવી, વાદ-વિવાદમાં બુદ્ધિ વાપરનારા બુદ્ધિવાદી અને જીવનમાં કરવાયોગ્ય સારાસારનો વિવેક પારખી ઉચિત કાર્ય કરનાર - અર્થાત્ પ્રભુને ગમતું કરનારો, ઈશનિષ્ઠા ધરાવનારો બુદ્ધિનિષ્ઠ કહેવાય. વિજ્ઞાનમય કોષની ઉપાસના નીરક્ષીર વિવેક જગાડે. પરિણામે વ્યક્તિ સ્થિરમતિ-ધીરગંભીર ને સર્વપ્રિય બની શકે. આવા લોકો જ સરળ ને સહજ થઈ જગમાં વિચરે... વિહરે... સદા સર્વદા પ્રસન્ન રહેનાર પ્રભુને પ્રિય હોય છે. 'ભક્ત' - જે જોડાયેલો છે તે' - છતાં જલકમલવત્ સંન્યસ્તવૃત્તિ ધરાવનાર આનંદમય કોષની ઉપાસના દ્વારા સ્થાયીભાવ દાખવી જીવતો હોય... આ જ પૂર્ણપણે ખીલેલું માનવ્ય ગણાય... તેથી જ આપણા સંન્યાસીઓના નામ પાછળ 'આનંદ' લખવાની પદ્ધતિ છે.

મિત્રો, ઈશ્વરદત્ત જીવનને સવાયું કરવાની જવાબદારી પ્રામાણિકપણે નિભાવીશું તો પરમપિતા હરખાશે... એક કવિએ સાચે જ લખ્યું છે;

'જિંદગી સાથે આ તો ફક્ત વફાની વાત છે.
માણસ થઈને જીવવું મોટા ગજાની વાત છે.'

સુજ્ઞેષુ કિં બહુના... 'હું માનવી માનવ થાઉં તો ઘઉં !!!'

**સ્પર્શમણિ :**

જયારે સવાર થાય છે તો જગત આંખો ખોલે છે અને જયારે આપણી આંખો ખુલે છે ત્યારથી આપણા જીવનની સવાર થાય છે.

● ● ●

આસ્તિક રહો, ચાહે નાસ્તિક રહો...
બસ હંમેશાં... વાસ્તવિક રહો...!!!

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949